# આણંદ કૃષિ યુનિવર્સિટી
## આણંદ

**વંચાણે લીધોઃ– (૧) અત્રેની કચેરીના દફતરી હુકમનં.આઝો/યુ.૧/ અસડીએમ/સી.સી./૬૧૯–૨૫/૦૨ તા.૮/૯/૨૦૦૨.**
**(૨) સેકશન અધિકારીશ્રી, કૃષિ અને સહકાર વિભાગ, ગાંધીનગરના પત્ર ક્રમાંકઃ પરચ/ ૧૧૨૦૦૨/૧૧૦૬૫/મ.૩ તા. ૩૧/૫/૨૦૦૩.**
**(૩) અત્રેની કચેરીના દફતરી હુકમ નં. આકૃયુ/રજી/સીસી–૨/૫૦૫ તા. ૨૭/૭/૨૦૦૫.**
**(૪) અત્રેની કચેરીના દફતરી હુકમ નં. આકૃયુ/રજી/સીસી–૨/૧૦૨૨ તા. ૧/૩/૨૦૦૮.**

## :: દફતરી હુકમ ::

નામદાર સુપ્રિમ કોર્ટના વિશાખા અને અન્ય વિરુધ્ધ રાજસ્થાન સરકાર સામેના ચૂકદામાં આપેલ આદેશ અનુસાર કચેરીમાં અને કામકાજના સ્થળોએ મહિલાઓની થતી જાતીય સતામણી રોકવા **"કંપ્લેઈન્ટ મીકેનીઝમ"** હેઠળ નીચે મુજબની સુધારેલ નવી કમિટીની રચના કરવામાં આવે છે.

| | | |
|---|---|---|
| ૧. | ડૉ. અંકીતા કિલ્લેદાર, પ્રાધ્યાપક, આર.બી.આર,યુનિટ, વેટરીનરી કોલેજ, આણંદ. | ચેરમેન શ્રી |
| ૨. | ડૉ. પૂર્ણીમાબેન જાની, પ્રોફેસર, પશુચિકિત્સા અને પશુપાલન મહાવિધાલય, આ.કૃ.યુ. આણંદ. | સભ્ય શ્રી |
| ૩. | શ્રીમતી જયોત્સનાબેન આર. પટેલ, (એમ.એલ.એ), ડેરી પાસે, મુ.બાકરોલ તા.જી.આણંદ. | સભ્ય શ્રી |
| ૪. | ડૉ. એમ.એસ. કુલશ્રેષ્ઠા, સહ પ્રાધ્યાપક(પી), બં.અ.કૃષિ મહાવિધાલય, આ.કૃ.યુ. આણંદ. | સભ્ય શ્રી |
| ૫. | ડૉ. સુનીતા પીન્ટો, સહ પ્રાધ્યાપક(પી), ડેરી સાયન્સ કોલેજ, આ.કૃ.યુ. આણંદ. | સભ્ય શ્રી |
| ૬. | ડૉ. શ્રીમતી મનીષા સીકદાર, મદદનીશ પ્રાધ્યાપક, બં.અ.કૃષિ મહાવિધાલય, આ.કૃ.યુ. આણંદ. | સભ્ય શ્રી |
| ૭ | ડૉ. શ્રીમતી વી.વી. ઉષાબાલા, સહ પ્રાધ્યાપક (પી)ડેરી સાયન્સ કોલેજ, આણંદ | સભ્ય શ્રી |
| ૮. | શ્રીમતી મીનાબેન સી. પટેલ, ઈન્સ્ટ્રકટર, બેકરી યુનિટ, આ.કૃ.યુ. આણંદ. | સેક્રેટરી શ્રી |

આ સમિતિ નીચે મુજબના કાર્ય અને ફરજો બજાવશે.

૧: નામદાર સુપ્રિમ કોર્ટના ચૂકાદા અનુસાર કામકાજના સ્થળોએ મહિલાઓની જાતીય સતામણી રોકવા વખતો વખત જાગૃતિ લાવવા કાર્યક્રમ અને સેમીનાર ગોઠવવાના રહેશે.

૨: આણંદ કૃષિ યુનિવર્સિટીની મહિલા કર્મચારી / વિધાર્થીનીઓને જરૂરી માર્ગદર્શન (Guidance) અને સલાહ સૂચન (Counselling) મળી રહે તે માટે યુનિવર્સિટીની કોલેજોના ડીન્સ સાથે પરામર્શમાં રહી "મહિલા સેલ " ની રચના કરવાની રહેશે અને વખતો વખત મુલાકાત લઈ સૂચનો કરવાના રહેશે.

૩: સેક્રેટરીએ મહિલા કર્મચારીઓ અને વિધાર્થિનીઓ તરફથી મળેલ ફરિયાદનું રજીસ્ટર નિભાવવાનું રહેશે.

૪: મળેલ ફરિયાદની જાતતપાસ કરીને સંબંધકર્તાના નિવેદનો મેળવીને વિગતવાર અહેવાલ કુલપતિશ્રીને દિન–૫માં રજૂ કરવાનો રહેશે.

૫:	આ સમિતિ કામગીરી અને પ્રવૃતિનો વાર્ષિક અહેવાલ તૈયાર કરી કુલપતિશ્રીને રજૂ કરવાનો રહેશે. ઉપરાંત કોલેજો અને કચેરીઓના મહિલા સેલની કામગીરીનું સંકલન કરી તેમનો વાર્ષિક અહેવાલ મેળવવાનો રહેશે.

પ્રસ્તુત આદેશ માન. કુલપતિશ્રીએ ફાઈલ પર આપેલ આદેશ અનુસાર બહાર પાડવામાં આવે છે.

( પી.આર. વૈષ્ણવ)
**કુલસચિવ**

નં. આકૃયુ/ રજી /લીગલ/ સીસી–ર /૩૦૪–૧૩/૧૨
તા. ૨૫/૭/૨૦૧૨

નકલ રવાના :–

(૧)	તમામ યુનિટ / સબ યુનિટ અધિકારીશ્રીઓ તરફ તેમની કચેરીમાં કામગીરી કરતા કર્મચારીઓને જાણ કરી ઘટતું થવા સારું.
(૨)	કમિટિના સભ્યશ્રીઓ તરફ **માર્ફત તેમની કચેરી...**
(૩)	માન.કુલપતિશ્રીના રહસ્ય સચિવશ્રી, આણંદ કૃષિ યુનિવર્સિટી, આણંદ.
(૪)	કુલસચિવશ્રીના રહસ્ય સચિવશ્રી, આણંદ કૃષિ યુનિવર્સિટી, આણંદ.
(૫)	આ કચેરીની તમામ શાખાઓ તરફ.